Downloaded From: Prashantgavaniya.blogspot.in



**સ્વદેશ–પ્રેમ**

દેશભકિત અને એકતા એ જાપાનનું સાચું અને મોટું બળ છે. જાપાની લોકો સ્વામીભકત છે. રાજા માટે તન, મન, ને ધન અર્પણ કરવાં હમેશાં તૈયાર રહે છે.

જાપાનના બાદશાહ મુત્સ્કહિતો અને લશ્કરી માણસોનો એકબીજા પ્રત્યેનો લાગણીભર્યો પ્રેમ જાણવા જેવો છે.

જમીન ઉપરના અને દરિયા ઉપરના લશ્કરી સિપાઈઓ રાજાને અત્યંત પૂજે છે. લડાઈના મેદાનમાં મરણ પામેલા સિપાઈઓની છબીઓ હારબંધ ટિંગાડેલી હોય છે. તેમના મોતથી બાહશાહને જેટલો શોક થાય છે તેટલો શોક બીજા કોઈને ભાગ્યે જ થતો હશે.

આ બાદશાહ નાનાથી મોટા માણસોની ખાનગી મુલાકાતો લેતો. તેમને ખોરાક–પોશાક વગેરે કેવા મળે છે, તેમનાં બાળકોને કોઈ હરકત છે કે કેમ વગેરે સંબંધે સન્માનથી પૂછતો. તપાસ કરતાં એક જ પ્રત્યુતર ‘પ્રેમનાં આંસુ’માં મળતો.

ત્યાંની પ્રજાને રાતદિવસ એક જ ઝંખના રહે છે અને તે છે :

‘આપણા દેશની ઉન્નતિ કેવી રીતે થાય ?’

જાપાનની ચીન સાથેની લડાઈમાં એક વાર શાંઘાઈ આગળ જાપાનનું સૈન્ય પાછું હટવા લાગ્યું. ચીનાઓનું ભારે દબાણ થયું. એ વખતે સરકારે પ્રજાજોગ એક સંદેશો પાઠવ્યો : ‘દેશને ખાતર પાંચ લાખ સૈનિકોની જરૂર છે.’

સંદેશો વાયુવેગે બધે પહોંચી ગયો. અઢારથી પિસ્તાલીસ વર્ષ સુધીના પુરુષો, જે વાહન મળ્યું તેમાં બેસીને ચાલી નીકળ્યા.

ગાડીથી, રેલવેથી, ઘોડાથી, સાયકલથી કે મોટરથી ચોવીસ કલાકમાં પાંચને બદલે દશ લાખ સૈનિકો આવી પહોંચ્યા !

શહેરની દશ લાખની વસ્તી હતી, તેમાં બીજા દશ લાખ આવી પહોંચ્યા. તેમને ખવડાવવું શું ? રાખવા ક્યાં ? સરકાર વિચારમાં પડી ગઈ. તરત જ તેમણે શહેરી માતાઓને પ્રજાજોગ વિનંતી કરી રેડિયો દ્વારા જાહેર કર્યું : ‘દેશને માથે સંકટ છે, લડાઈ ચાલે છે. ચીન જેવી મોટી પ્રજા સાથે જંગ ચાલે છે. પાંચ લાખ સૈનિકોની માગણી કરેલી, પણ દશ લાખ આવ્યા છે.આપણી દેશભકિતની આ સાચી નિશાની છે. પણ આ બધાને ક્યાં રાખવા ? શહેરની બહેનો એ બધાને પોતાના ઘરમાં બે દિવસ રાખે એવી વિનંતી છે. જેના ઘરમાં જેટલા માણસો સમાય તેટલા લઈ જાય. આટલી મદદ માતાઓ કરે. ત્રણ કલાક પોતાનું કામ બંધ રાખે અને તેમને પોતાના મહેમાન જાણીને સાચવે.’

સ્ત્રીઓએ તરત જ કામ બંધ રાખ્યું. મળ્યા ત્યાંથી એક–બે–ત્રણ સૈનિકોને પોતાને ઘેર લઈ જઈ તેમને સારી રીતે સાચવી લીધા.

પાંચ દિવસમાં પાંચ લાખ માણસોને મોરચા ઉપર મોકલી આપ્યા.

બીજા પાંચ લાખ માણસોને પોતપોતાને ઘેર પાછા જવા કહ્યું. સાથે સાથે જરૂર પડયે બોલાવવાની ખાતરી આપી. તે દરેકનાં સરનામાં પણ લઈ લીધાં.

જાપાનમાં ચામડું બહુ પ્રાપ્ત નથી થતું તેથી એ લોકો લાકડાની સપાટો પહેરે છે.

વળી ઘાસના જાડા રેસાઓમાંથી સપાટો બનાવીને પણ ચલાવી લે છે.

ના છૂટકે જ પરદેશી ચીજ તેઓ ખરીદે છે. પોતાના દેશમાં બનેલી ચીજો જ વાપરવાનો ગરીબ અને પૈસાદાર પણ ખાસ આગ્રહ રાખે છે.

હવે આપણે દેશને ખાતર તેમનાં જીવસટોસટનાં આત્મબલિદાનના ત્રણેક પ્રસંગો જોઈએ.

જાપાનની સરકારે વોશિંગ્ટન નેવી સંધિને રદ કરવાનો જે નિશ્ચય કર્યો,તેથી એક નેવી સૈનિકને નવું જીવન પ્રાપ્ત થયું : નહિ તો તે પોતાના પ્રાણ ત્યજી દઈ આત્મહત્યા કરવાનો હતો. તેનું નામ ગાઈચી કોમાતા હતું. તે યોકોસૂકાની નેવી સેનાની સાતમી પલટણમાં નોકર હતો.

એક સંવાદપત્રમાં સરકારના ઉપરના નિર્ણયના સમાચાર વાંચીને, તે કતાસીના પોલીસ–થાણામાં ગયો અને ત્યાં તેણે નીચે પ્રમાણેની બાબત જણાવી.

‘ગુરુવારને દિવસે વહાણમાંથી ઊતરીને હું મારી પ્રેમિકાને મળવા માટે ટોકિયોની હોટલમાં ગયો. પણ તે ત્યાં મળી નહિ. અહીંતહીં બહુ જ તપાસ કરી, પણ કંઈ પત્તો ન લાગ્યો. આમ બન્ને બાજુથી નિરાશ થઈને મેં સમુદ્રનાં જળમાં કૂદી પડીને, ડૂબી જઈને, પ્રાણ ત્યાગી દેવાનો નિશ્ચય કરી લીધો.

શનિવારને દિવસે એક ભોજનાલયમાં આરામ કરતી વખતે મેં એક સમાચારપત્ર વાંચ્યું કે, ‘સરકારે વોશિંગ્ટન નેવી સંધિને રદ કરવાનો નિર્ણય કર્યો છે.’ ત્યારે મને રાષ્ટ્રીય સંકટનો ખ્યાલ આવ્યો.

અને મારા મનમાં એવી ઈચ્છા થઈ આવી કે મારે પણ આવા ખાસ સમયે દેશ પ્રત્યેનું માઢં કર્તવ્ય બજાવવું જાઈએ. આથી હું આ થાણામાં હાજર થયો છું.'

યોકોસૂકાના નેવી સેનાના બે અમલદારો તેને તેમના નવા કેન્દ્રમાં પાછો લઈ ગયા. હવે તે ફકત એક જ વિચારથી જીવી રહયો છે અને તે એ છે કે હું માતૃભૂમિને માટે મારો પ્રાણ કયારે અર્પણ કરી શકું.'

જાપાનની દેશભકિતનો એક બીજો અજબ નમૂનો આ છેઃ

બાબત એવી છે કે એક ખૂનીએ ફાંસીના માંચડા ઉપરથી માતૃભૂમિને માટે પોતાના મૃતદેહને અર્પણ કરવાની માગણી કરી હતી.

ઉપરોકત ઘટના એક પત્રમાં નીચે પ્રમાણે છપાયેલી હતી.

'ત્રીસ વર્ષની ઉંમરના એક લશ્કરી ખૂનીએ ફાંસીને માંચડે ચઢતાં પહેલાં, એક અઠવાડિયા ઉપર પોતાનો નિર્ધાર જણાવ્યો. તેણે પોતાના પિતાને પ્રાર્થના કરી હતી કે મારા મૃતદેહનો ઉપયોગ વાઢ–કાપ કરીને નવું સંશોધન કે શિક્ષણ આપનારી વિશ્વવિદ્યાલયની ઈસ્પિતાલને સોંપજો અને તે લાશના બદલામાં જે પૈસા મળે તે લશ્કરના અધિકારીઓને આપી દેજો. મરતી વખતે હું રાજયની આટલી જ સેવા કરી શકું છું. મારા મૃત્યુથી દેશ–રક્ષાના ભંડારમાં એક નાનકડી રકમ જમા થઈ શકશે.'

બીજા વિશ્વયુદ્ધ સમયની આ સત્ય ઘટના છે. લડાઈનું વાતાવરણ મંદ હતું.

પણ જાપાનીઓમાં પૂરેપૂરો ઉત્સાહ હતો.

સિંગાપુર ઉપર અધિકાર જમાવવા એ ઈચ્છતા હતા.

એ સમયે સિંગાપુર મિત્રરાષ્ટ્રના અધિકારમાં હતું. લશ્કરી દષ્ટિએ તેનું મહત્ત્વ ખૂબ જ અગત્યનું હતું. એ એક સારું બંદર હતું.

સિંગાપુર જીત્યા વિના જાપાનીઓ ભારત તરફ આગળ વધી શકે એમ ન હતા. જાપાન અને સિંગાપુર વચ્ચે પ્રશાંત મહાસાગર આવેલો છે.

આ સાગર ખૂબ ઊંડો અને વિશાળ હોવાથી, એમાં મોટાં મોટાં જહાજો ખૂબ સહેલાઈથી આવ–જા કરી શકે છે. પ્રશાંત મહાસાગરનાં બંદરો પર એ સમયે અંગ્રેજોનો અધિકાર હતો.

જાપાનીઓએ સિંગાપુર પર વિમાનો મારફતે ખૂબ જ હુમલા કર્યા, પણ એમાં એમને ખૂબ જ નુકસાન વેઠવું પડયું. આથી તેઓ હતાશ થઈ ગયા.

જાપાનીઓની હારનું એક બીજું પણ કારણ હતું. પ્રશાંત મહાસાગરમાં અંગ્રેજોનાં બે જંગી યુદ્ધ જહાજો 'પ્રિન્સ ઓફ વેલ્સ' અને 'રિપલ્સ' સિંગાપુરના કિનારે રહી ચોતરફ આગના ગોળા વરસાવતા હતા. આ જહાજોના મારા આગળ જાપાનીઓના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડતા હતા.

અંગ્રેજોને આ યુદ્ધ–જહાજો ઉપર ખૂબ જ અભિમાન હતું. એ સમજતા હતા કે જહાજોને લીધે જ અમે બધા સુરક્ષિત છીએ.

જાપાનીઓને માલૂમ પડયું કે હવે આપણી દાળ ગળે તેમ નથી એટલે એમણે એક પ્રખ્યાત નિવૃત્ત નૌકા સેનાપતિની સલાહ લીધી.

આ સેનાપતિએ ખૂબ યુક્તિઓ લડાવી જોઈ, પણ એમાં સંતોષ ન થયો.

આ સેનાપતિને બે દીકરા હતા. એકનું નામ હતું ચૂંચાતા અને બીજાનું નામ હતું મસાંગ. એમને પણ લડાઈનો ભારે શોખ હતો.

પોતાના પિતાને આમ ચિંતાતુર જોઈને, બન્ને ભાઈઓએ, પિતાને ચિંતાનું કારણ પૂછયું. સેનાપતિએ બન્ને ભાઈઓને બધી હકીકત કહી સંભળાવી.

બન્ને ભાઈઓએ એકાંતમાં બેસીને ખૂબ મોડે સુધી ચર્ચાવિચારણા કરી.

છેવટે એમને એક યુક્તિ સૂઝી. એમાં એ બન્ને ભાઈઓ સહમત થયા. બન્ને ભાઈ હવે રાજી રાજી થતા પિતા પાસે આવ્યા. તેમણે પોતાનો નિર્ણય પિતા સમક્ષ રજૂ કર્યો. એમના પિતાએ એ નિર્ણય વધાવી લીધો. બન્ને ભાઈઓને એમણે શાબાશી આપી.

બીજે દિવસે બન્ને ભાઈઓએ  જુદાં જુદાં વિમાનમાં બોમ્બ અને દારૂગોળો ભરી લીધો. પછી બન્ને ભાઈઓ માતાપિતા તથા બુદ્ધ ભગવાનને પગે લાગી આકાશમાં ઊડયા. એમની પાછળ બીજાં જાપાની લડાયક વિમાનો પણ ઊડયાં.

પહેલાં તો આકાશમાં એ ખૂબ જ ઊંચે ગયા.

પછી ધીરે ધીરે નીચે ઊતરવા લાગ્યા. પછી બરાબર લાગ જોઈને  એમણે 'પ્રિન્સ ઓફ વેલ્સ' અને 'રિપલ્સ' જહાજો ઉપર ગોળા વરસાવવા માંડયા.

ઓચિંતા હુમલાનો અંગ્રેજો સામનો કરે તે પહેલાં તો એ બન્ને યુદ્ધ જહાજોનાં બોઈલરો ફાટયાં. આંખના પલકારામાં કાનના પડદા તોડી નાખતો ધડાકો થયો. આ ધડાકાને લીધે આખું સિંગાપુર ધ્રુજી ઊઠયું.

બન્ને યુદ્ધનાં જહાજોના ફુરચેફુરચા ઊડી ગયા.

બોઈલરો ફાટવાની સાથે જ એ દેશભક્ત અને વીર બંધુઓની જીવનલીલા ખતમ થઈ ગઈ. દેશ ખાતર એ બંને હસતે મોઢે ખપી ગયા.

આ જંગી જહાજો ડૂબતાંની સાથે જ જાપાનીઓએ જંગી હુમલો કર્યો .

એમાં એમને સફળતા મળી. એમણે સિંગાપુર જીતી લીધું.

આજે પણ જાપાનમાં ચૂંચાતા અને મસાંગનાં નામ ખૂબ જ આદરપૂર્વક લેવાય છે.

**– લલ્લુભાઈ બ.પટેલ**

Downloaded From: Prashantgavaniya.blogspot.in